# Visit of Minister of State for External Affairs Shri V. Muraleedharan to Ghana from 6-7 January 2021

January 07, 2021

## રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રી વી. મુરલીધરનની 6-7 જાન્યુઆરી 2021 રોજની ઘાનાની મુલાકાત

જાન્યુઆરી 07, 2021

1. હાલમાં રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રી વી. મુરલીધરન 7 જાન્યુઆરી 2021 નાં રોજ યોજવામાં આવી રહેલ રાષ્ટ્રપતિ (ચૂંટાયેલા) મહામહિમ નાના અદ્દો ડાન્ક્વા અકુફો અદ્દોનાં રાષ્ટ્રપતિ તરીકેનાં શપથ સમારોહમાં ભાગ લેવા માટે 6-7 જાન્યુઆરી 2021 સુધી એક્ક્રા, ઘાનાની મુલાકાત લઇ રહ્યા છે. આ મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રીએ મલયાલી એસોસિએશન ઑફ ઘાનાનાં સભ્યો સાથે સંવાદ કર્યો હતો અને 6 જાન્યુઆરીનાં રોજ હાઇ કમિશનર દ્વારા યોજવામાં આવેલા કમ્યુનિટી રીસેપ્શન પર ભારતીય સમુદાયને સંબોધન કર્યું હતું અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીઓનો શુભારંભ કર્યો હતો. આ ઇવેન્ટ દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રીએ ઘાનામાં ઇન્ડિયન કમ્યુનિટી ફોરમનો પણ શુભારંભ કર્યો હતો. મંત્રીનાં માનમાં ભારતનાં હાઇ કમિશનરે ડિનરનું આયોજન કર્યું હતું જેમાં ઘાનાનાં વરિષ્ઠ મંત્રીઓ અને પ્રતિષ્ઠિત લોકોએ હાજરી આપી હતી. 7 જાન્યુઆરીનાં રોજ, રાજ્ય કક્ષાનાં મંત્રી ઘાનાનાં રાષ્ટ્રપતિનાં શપથ સમારોહમાં ભાગ લઇ રહ્યા છે. તે ઇવેન્ટ બાદ, તેઓ વિવિધ દ્વિપક્ષીય, પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ઘાનાનાં રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરશે. પ્રસ્થાન કરતા પહેલા, તેઓ ઘાનામાં ભારતીય સમુદાયનું પ્રતિધિત્વ કરતા છત્રછાયા સમાન સંગઠન એવા ઇન્ડિયન એસોસિએશન ઑફ ઘાના સાથે સંવાદ કરશે.

2. ભારત ઘાના સાથે નિકટનાં, સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે જે પારસ્પરિક વિશ્વાસ, વિકાસાત્મક ભાગીદારી અને મોટી સંખ્યામાં ત્યાં વસતા ભારતીયો દ્વારા મજબૂત બન્યા છે. તાજેતરનાં ભૂતકાળમાં, ઘાના સાથેનું ભારતનું જોડાણ વિવિધ ક્ષેત્રોમાં વેગવંતુ બન્યું છે. બન્ને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરની મુલાકાતો થઇ રહી છે જેમાં 12-14 જૂન 2016 નાં રોજ ભારતનાં રાષ્ટ્રપતિની ઘાનાની મુલાકાત, માર્ચ 2018 માં આંતરરાષ્ટ્રિય સોલાર એલાયન્સની સ્થાપનાં સભા માટે રાષ્ટ્રપતિ અકુફો-અદ્દોની ભારતની મુલાકાત, માર્ચ 2019 માં 14મી CII-EXIM બેંક કોન્કલેવ માટે ઉપરાષ્ટ્રપતિ ડૉ. મહમુદુ બાવુમિયાની મુલાકાતનો સમાવેશ થાય છે. ભારત દ્વારા ઘાનાને કૃષિ, જળ, પરિવહન, ટ્રાન્સમિશન લાઇન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે જેવાં ક્ષેત્રોમાં આશરે US$ 450 મિલિયન જેટલી છૂટછાટવાળી લાઇન ઑફ ક્રેડિટ પ્રદાન કરી છે. આ ઉપરાંત, ઘાનાએ ટેમા-પાકાદાન રેલવે લાઇનનાં નિર્માણ સહિતની કેટલીક આંતરમાળખા પરિયોજનાઓ માટે ભારત પાસેથી બાયર્સ ક્રેડિટ પણ મેળવી છે. ભારત દ્વારા જ્યુબિલી હાઉસ, ઘાનાનાં રાષ્ટ્રપતિની બેઠક, અને ઇન્ડિયા-ઘાના કોફી અન્નાન સેન્ટર ઑફ એક્સેલેન્સ ઇન ICT સહિતની ઘણી સિમાચિહ્ન અનુદાન પરિયોજનાઓ હાથ ધરી છે. ઘાના ઇન્ડિયન ટેકનિકલ એન્ડ ઇકોનોમિત કોઓપરેશન (ITEC) પ્રોગ્રામ અને ICCR શૈક્ષણિક શિષ્યવૃતિઓનાં પ્રોગ્રામમાં પણ નોંધપાત્ર લાભાર્થી બની રહ્યો છે. 2018-19 માં દ્વિપક્ષીય વ્યાપાર US$ 4.5 બિલિયન અને 2019-20 માં US$2.4 બિલિયન રહ્યો હતો. ભારત ઘાનામાં સૌથી મોટા રોકાણકર્તા પૈકી એક છે. 1994 થી 2019 સુધી, ભારતીય કંપનીઓએ ઘાનામાં અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો આવરી લેતી 730 પરિયોજનાઓમાં US$ 1.7 બિલિયન કરતા વધારેનું રોકાણ કર્યું છે.

૩. રાષ્ટ્રપતિનાં શપથ સમારોહમાં રાજ્ય કક્ષાનાં મંત્રીની સહભાગીતા ઘાના સાથેનાં આપણા દ્વિપક્ષીય સંબંધોની અગત્યતા દર્શાવે છે. આ મુલાકાત આપણી દ્વિપક્ષીય ભાગીદારીને વેગ આપવાનું અને આપણા લોકોમાં પારસ્પરિક શુભેચ્છામાં વધારો પ્રદાન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**જાન્યુઆરી 07, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.